પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૫ | ૨૬ એપ્રિલ, ૨૦૧૯, શુક્રવાર; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વારાણસીમાં મોદીનો મેગા રોડ-શો

**આજે નામાંકન ભરશે : જુદા જુદા રાજ્યોમાંથી રોડ શોમાં પાંચ લાખથી વધુ લોકો પહોંચ્યા : વારાણસીમાં રોડ શો દરમિયાન ચારેબાજુ મોદીના સ્વાગત માટે લોકો ઉપસ્થિત રહ્યા : મદનમોહન માલવિયાની પ્રતિમા પર પુષ્પાંજલિ**

વારાણસી, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના મત વિસ્તાર વારાણસીમાં લાખો લોકોની ઉપસ્થિતિમાં રોડ શો યોજીને શક્તિપ્રદર્શન કર્યું હતું. ૨૦૧૪ની જેમ જ આ વખતે પણ અભૂતપૂર્વ રોડ શોમાં માર્ગની બંને બાજુએ લોકો ઉમટી પડ્યા હતા. તેમની સાથે અન્ય કેબિનેટ મંત્રીઓ અને દિગ્ગજ નેતાઓ પણ પહેલાથી જ હતો. પંડિત મદનમોહન માલવિયાની પ્રતિમા ઉપર માલ્યાર્પણ અર્પણ કરવામાં આવ્યા બાદ આ રોડ શોની શરૂઆત થઈ હતી. રોડ શો કલાકો સુધી ચાલ્યા બાદ આની પૂર્ણાહૂતિ દશાશ્વમેધઘાટ ઉપર થઈ હતી. ત્યારબાદ ગંગા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. વારાણસી પહોંચતા પહેલા મોદીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, તેઓ કાશીમાં



પહોંચી ગયા હતા. જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ પહોંચ્યા હતા. રોડ શો દરમિયાન મોદીની એક ઝલક મેળવવા માટે લોકોએ પડાપડી કરી હતી. વારાણસીમાં મોદીની એક ઝલક મેળવવા માટે લોકોએ પડાપડી કરી દીધી હતી. લોકોનું અભિવાદન કરવા માટે મોદીમાં પણ ઉત્સાહ નજરે પડ્યો હતો. વારાણસીના રોડ શો દરમિયાન ભગવામય માહોલ બની ગયો હતો. વારાણસીમાં મોદીને જોવા માટે યુવા પેઢીમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો પહોંચી રહ્યા છે. હર હર મહાદેવના નાંદ પણ ગુંજી ઉઠ્યા હતા. બિહારના દરભંગા અને બાંદામાં પ્રચંડ જનસભા યોજ્યા બાદ નરેન્દ્ર મોદી કાશી અથવા તો વારાણસીમાં પહોંચ્ય હતા ત્યારબાદ શ્રેણીબદ્ધ કાર્યક્રમોની શરૂઆત થઈ હતી. ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ પહોંચ્યા હતા. રોડ શો માટે મોદી સીધા બાબતપુર એરપોર્ટ પહોંચ્યા હતા જ્યાંથી હેલિકોપ્ટર મારફતે બીએચયુ પહોંચ્યા હતા જ્યાંથી

● અનુસંધાન પાન-૭ પર



## પ્રિયંકા ગાંધી વારાણસીથી પીએમ મોદી સામે ચૂંટણી નહિ લડે

**કોંગ્રેસે વારાણસીથી મોદી સામે અજય રાયને રિપીટ કર્યા : ૨૦૧૪માં અજય રાયને ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો હતો, ફરી એકવાર કોંગ્રેસે તેમના પર દાવ ખેલ્યો**

ન્યુ દિલ્હી,તા.૨૫

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે કોંગ્રેસની મહાસચિવ પ્રિયંકા ગાંધી ૨૯ એપ્રિલે વારાણસીથી ઉમેદવારી પત્ર ભરી શકે છે એવી વાતો વહી રહી હતી. સૂત્રોના જણાવ્યા અસ્નુઆર, પ્રિયંકા ગાંધી ૨૯ એપ્રિલે વારાણસી જશે અને કાળ ભૈરવ મંદિરમાં પૂજા અર્ચના કરશે, એવું માનવામાં આવી રહ્યું હતું. ૨૯ એપ્રિલ વારાણસી લોકસભા સીટથી ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ છે. એટલે એવો અંદાજો લગાવવામાં આવી રહ્યો હતો કે, ૨૯ એપ્રિલે કાળ ભૈરવની પૂજા બાદ તે ઉમેદવારી પત્ર ભરશે. અચાનક જ કોંગ્રેસે બાજી પલટી નાખી છે અને અજય રાયનું નામ જાહેર કર્યું છે.



ઉલ્લેખનિય છે કે, થોડા દિવસ પહેલાં પ્રિયંકા ગાંધીને કેરળના વાયનાડમાં વારાણસીથી ચૂંટણી લડવા અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેણે જણાવ્યું હતું કે, જો પાર્ટી તેને વારાણસીથી ચૂંટણી લડવાનું કહેશે તો તે લડશે. નોંધનિય છે કે, વારાણસીમાં ૧૯ મેએ મતદાન થશે. ૨૦૧૪માં પણ કોંગ્રેસે અજય રાયને ઉમેદવાર બનાવ્યા હતા પણ ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો હતો. ત્યારે એકવાર ફરી કોંગ્રેસ તેમના પર દાવ રમી રહીં છે.

ત્યાર બાદ ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની સામે મેદાને ઉતર્યા. તે દરમિયાન રાયે નરેન્દ્ર મોદી બહારના (બનારસથી બહારના) અને અરવિંદ કેજરીવાલને ભાગેડુ કહ્યા હતા. જોકે, તેમનો આ દાવ કામ લાગ્યો નહીં અને ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો હતો. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને ૫ લાખ ૮૧ હજાર ૨૨ મત મળ્યા હતા.

## ન્યુઝ ટ્રેક

### બોર્ડર પર ચાર મોટી સુરંગો બનાવાશે

બોર્ડર પર સેનાના ઑપરેશનને મજબૂતી આપવા માટે ભારતે મેગા પ્લાન તૈયાર કર્યો છે. આ તૈયારીઓથી ભારતીય સેનાનું બોર્ડર પર મનોબળ ઘણુ ઉંચુ રહેશે કેમ કે સેનાને હવે ખરાબ પરિસ્થિતિમાં પણ હથિયાર અને ગોળા બારૂદ સપ્લાય કરવાને લઈને ટેન્શન રહેશે નહીં. અત્યારના દિવસોમાં બોર્ડર પર વધી રહેલા જોખમમાં ભારત, ચીન અને પાકિસ્તાનની સરહદો પર પણ ચાર મોટી સુરંગો બનાવવા જઈ રહ્યા છે. જેમાં ત્રણ સુરંગો ભારત-ચીન બોર્ડર પર અને એક સુરંગ ભારત-પાકિસ્તાન બોર્ડર પર બનાવવામાં આવશે.

### શ્રીલંકામાં વધુ એક બોમ્બ બ્લાસ્ટ

શ્રીલંકામાં અત્યાર સુધીનો સૌથી મોટો આતંકી હુમલો થયાને એક સપ્તાહ પણ થયો નથી ત્યાં ફરી એક બ્લાસ્ટના સમાચાર સામે આવી રહ્યાં છે. ગુરૂવાર સવારે શ્રીલંકાની રાજધાની કોલંબોથી ૪૦ કિલોમીટર દૂર બ્લાસ્ટનો અવાજ સંભળાયો હતો. જો કે ધડાકો કેવા પ્રકારનો તેના પર હજુ સુધી પોલસીનું કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### સેનામાં પ્રથમ વખત થશે મહિલાઓની ભરતી

સેનાએ પહેલી વખત મહિલાઓની ભરતી માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કર્યું છે. રક્ષા મંત્રાલયે પણ આ અંગેની મંજૂરી આપી દીધી છે. જાન્યુઆરીમાં સેના પોલીસમાં પહેલી વખતમાં મહિલાઓને સામેલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

રક્ષા મંત્રી નિર્મલા સીતારમણે ટ્વીટ કરીને આ અંગેની જાણકારી આપી છે. તેમના કહ્યાં પ્રમાણે સેના પોલીસમાં મહિલાઓની ૨૦ % ભાગીદારી હશે. મહીલાઓની ભરતી પીબીઓઆર (પર્સનલ બિલો ઓફિસર રેંક)રોલમાં કરવામાં આવશે.

## આગ સાથે રમવાનો પ્રયાસ ના કરો, હાથ દાઝી જશે : સુપ્રિમ કોર્ટ

**તાકાતવાર અને અમીરોના રિમોટથી સુપ્રીમ કોર્ટ નહીં ચાલે : સુપ્રિમ : કેસના ષડ્યંત્રની તપાસ કરશે સુપ્રિમના પૂર્વ જજ એ. કે. પટનાયક : દેશના નાગરિકોને ખબર પડવી જોઈએ કે એ કોણ લોકો છે જેઓ ષડયંત્ર રચી રહ્યા છે,છેલ્લા ત્રણ-ચાર વર્ષથી સુપ્રિમને સતત નિશાન બનાવવામાં આવે છે, આખરે દેશમાં શું થઇ રહ્યું છે?**

ન્યુ દિલ્હી,તા.૨૫

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ પર જાતિય શોષણના આક્ષેપો પાછળ મોટાપાયે ષડયંત્ર થયું હોવાનું બહાર આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે નિવૃત જજ એ.કે. પટનાયકને આ મામલે તપાસ સોંપવામાં આવી છે. આ સાથે જ કેસની તપાસમાં સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (ઝ્રમ્ૈં) અને ઈન્ટેલિજન્સ બ્યૂરો (ૈંમ્) તપાસમાં મદદ કરશે.

જસ્ટિસ અરૂણ મિશ્રાની વડપણ હેઠળની બેંચે ગયા સપ્તાહે વકીલ ઉત્સવ બૈંસના સોગંદનામાને ધ્યાન પર લીધું હતું જેમાં ચીફ જસ્ટિસ ગોગોઈને બદનામ કરવાનું ષડયંત્ર હોવાના





કેટલાક પુરાવા બંધ કવરમાં સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ મામલે બુધવારે સુપ્રીમ કોર્ટના જજે સીબીઆઈ, આઈબી અને દિલ્હી પોલીસ વડાને ચેમ્બરમાં બોલાવી એક કલાક બંધ બારણે ચર્ચા કરી હતી.

બૈંસે પોતાના સોંગદનામાં એમ જણાવ્યું છે કે કેટલાક શક્તિશાળી તત્વો ચીફ જસ્ટિસ પર આક્ષેપો કરીને તેમને બળપૂર્વક રાજીનામું અપાવવા પ્રયાસ કરે છે. સુપ્રીમ કોર્ટની કામગીરીમાં છીંડા છે અને વહીવટી સ્તરે તેમજ કેટલાક વકીલો વચ્ચે સાંઠગાંઠ પણ છે.

ત્યારબાદ ગુરુવારે આ કેસમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરૂણ મિશ્રાએ વધુમાં જણાવ્યું કે, 'અમે લોકોને સંદેશ આપવા ઈચ્છીએ છીએ કે દેશના અમીરો અને શક્તિશાળી લોકો ક્યારે કોર્ટનું નિયંત્રણ ના મેળવી શકે. આગ સાથે રમવાનો પ્રયાસ ના કરો. હાથ દાઝી જશે.'

ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ સામે યૌન ઉત્પિડનના આરોપ અને ષડયંત્રના દાવા સાથે જોડાયેલા કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટની ખંડપીઠે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે દેશની વડી અદાલત તાકાતવાર અને અમુક પૈસાદાર લોકોની મરજી પ્રમાણે કામ ન કરી શકે. કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે કે છેલ્લા ત્રણ ચાર વર્ષથી સુપ્રીમ કોર્ટને સતત નિશાન બનાવવામાં આવી રહી છે. આખરે આ દેશમાં શું થઈ રહ્યું છે?

કોર્ટે કહ્યું કે, એવું માનવામાં આવી રહ્યું છે કે આ વ્યવસ્થા હવે ખતમ થવાની અણી પર છે. દેશના લોકોને ખબર પડવી જોઈએ કે એ

● અનુસંધાન પાન-૭ પર

## મોદીએ ખોલાવેલાં બેંક ખાતામાં 'ન્યાય'ના પૈસા જમા થશેઃ રાહુલ ગાંધી

**છેલ્લા પાંચ વર્ષમાં નરેન્દ્ર મોદીએ 'અન્યાય' કરતાં મેં યોજનાનું નામ 'ન્યાય' આપ્યું : રાહુલ**



ઝાલોર,તા.૨૫

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર છેલ્લા પાંચ વર્ષમાં દેશના લોકો સાથે અન્યાય કરવાનો આરોપ લગાવ્યો છે. રાજસ્થાનના ઝાલોર યોજાયેલી ચૂંટણી સભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસની સરકારની બનશે તો સૌની સાથે ન્યાય થશે અને 'એક હિન્દૂસ્તાન, સબ કા હિન્દૂસ્તાન' થશે.

આ સાથે રાહુલ ગાંધીએ પણ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનધન યોજના અંતર્ગત જે બેંક ખાતા ખોલાવ્યા છે, એમાં 'ન્યાય' ૭૨૦૦૦ રૂપિયા જમા કરાવશે. આ લાભ દેશના પાંચ કરોડ ગરીબ લોકોને મળશે. ઉપરાંત મહિલાઓને લોકસભા અને વિધાનસભાઓની સાથે સરકારી નોકરીઓમાં ૩૩ ટકા અનામત આપવામાં આવશે.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર કટાક્ષ કરતાં કહ્યું કે વડાપ્રધાન મોદીજીનો આભાર, કેમ કે તેમણે ખોલાવેલાં બેંક

● અનુસંધાન પાન-૭ પર

## તમિળનાડુ-પોંડીચેરીમાં ભારે વરસાદ-તોફાનનુ ફરી સંકટ

**એમપી, રાજસ્થાન, છત્તિસગઢમાં આંધી ચાલશે : તમિળનાડુ-પોંડીચેરીના તમામ કાઠાના વિસ્તારમાં તોફાની વરસાદ પડશે : ઉત્તર ભારતમાં લુની વચ્ચે કાતિલ ગરમી**

નવી દિલ્હી,તા. ૨૫

દેશભરમાં હવામાનના જુદા જુદા રૂપ જોવા મળી રહ્યા છે. એકબાજુ કાશ્મીરમાં વરસાદ થયો છે જ્યારે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કાતિલ ગરમી પડી રહ છે. હવામાન વિભાગે કહ્યુ છે કે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તિસગઢમાં ધુળ ભરેલ આંધી ચાલી શકે છે. બીજા બાજુ તમિળનાડુમાં પ્રચંડ ચક્રવાતની ચેતવણી જારી કરવામાં આવી છે. તમિળનાડુ અને પુડુચેરીમાં તોફાનનો ખતરો તોળાઈ રહ્યો છે. આગામી દિવસોમાં બંનેન રાજ્યોમાં ભારે વરસાદની સાથે સાથે વાવાઝોડાનો ખતરો છે. પશ્ચિમોત્તર ભારતના પશ્ચિમી રાજસ્થાન અને તેના આસપાસના વિસ્તારોમાં ગરમ હવાની સાથે સાથે કેટલાક ભાગોમાં લોકોની હાલત કફોડી બનેલી છે. પારો ખુબ ઉંચે પહોંચી ગયો છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે આ વિસ્તારોમાં લુની સાથે સાથે ધુળ ભરેલી આંધી ચાલશે. ઉત્તરીય રાજ્યોમાં સતત તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ચેન્નાઈ હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે બંગાળના અખાતમાં દક્ષિણ પશ્ચિમમાં એક હળવા દબાણની સ્થિતી સર્જાઇ રહી છે. જેના કારણે ચક્રવાતની સ્થિતી સર્જાઇ શકે છે. આ ચક્રવાતની તીવ્રતા વધવાની સંભાવના છે. આની તીવ્રતા સતત ૨૭મી એપ્રિલના દિવસ સુધી વધનાર છે. આ કારણસર તમિળનાડુ અને પુડુચેરીમાં દરિયા કાઠાના વિસ્તારોમાં ૨૯મી એપ્રિલ સુધી ભારે વરસાદ થઈ શકે છે. આ તોફાનની અસર મુખ્ય રીતે ૨૯મી એપ્રિલ અને ૩૦મી એપ્રિલ સુધી મધ્ય અને બંગાળના પૂર્વીય અખાત ક્ષેત્રમાં જોવા મળી શકે છે. પહેલી મેના દિવસે આ તોફાનની અસર મ્યાનમાર અને બાંગલાદેશમાં જોવા મળી શકે છે.

## કાશ્મીરમાં બે ત્રાસવાદીઓ ઠાર

અનંતનાગ,તા. ૨૫

દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આજે સવારે ભીષણ અથડામણ થઈ હતી. જેમાં બે કુખ્યાત ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી હતી. બાતમીના આધાર પર સફળ ઓપરશન હાથ ધરવામાં આવ્યુ હતુ. અથડામણના સ્થળથી સુરક્ષા દળોન મોટી માત્રામાં વિસ્ફોટકો અને હથિયારો મળી આવ્યા હતા. અપરાધિક સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. અથડામણ બાદ સમગ્ર વિસ્તારને ખાલી કરાવી ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી.

જમ્મુ કાશ્મીર પોલીસે કેસ દાખલ કરીને ઉંડી તપાસ હાથ ધરી છે. બાતમી મળ્યા બાદ અનંતનાગ જિલ્લાના બિજબહેરાના બાગેન્દર મોહલ્લા વિસ્તારમાં આ અથડામણ થઈ હતી.

VISA APPROVED NZ

હાર્દિક અભિનંદન



PRUTHVIRAJSINH CHAUHAN
(પેથાપુર)

મારા NEW ZEALAND Student Visa અપાવવા બદલ હું BGKV તથા R K Academy નો ખૂબ આભાર માનું છું.

IELTS
English for International Opportunity
STUDENT VISA

બાપુ ગુજરાત નોલેજ વિલેજ,
ગાંધીનગર- માણસા રોડ,
વાસણ, ગાંધીનગર- 382650
Call: 72 708 72 708

BAPU GUJARAT KNOWLEDGE VILLAGE

R K ACADEMY OF EXCELLENCE PVT. LTD.
www.rkacademy.net
inquiry@rkacademy.net

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

